ગુજરાત સમાચાર, પાના નં.૦૨, તા.૧૫.૦૯.૨૦૨૪

### ત્રીજીવાર વડાપ્રધાન બન્યા પછી પ્રથમ વખત આવી રહ્યાં છે

# મોદી આજથી બે દિવસ ગુજરાતની મુલાકાતે, મેટ્રોરેલમાં મુસાફરી કરશે

ગાંધીનગર, શનિવાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલ ૧૫મી સપ્ટેમ્બરથી બે દિવસની ગુજરાત મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ વડસર એરફોર્સ સ્ટેશનની મુલાકાત લેશે, મહાત્મા મંદિરની ગ્રીન એનર્જી ઈવેન્ટનું ઉદ્ઘાટન કરશે. ગાંધીનગરની મેટ્રોરેલનું લોકાર્પણ કરી સફર કરશે અને જીએમડીસી ગ્રાઉન્ડના કાર્યક્રમમાં હાજર રહેશે.

## વડસર એરફોર્સ સ્ટેશન, મહાત્મા મંદિરની ઈવેન્ટ, ગિફ્ટ સિટીની સફર અને GMDC ગ્રાઉન્ડના કાર્યક્રમોમાં હાજરી આપશે

લોકસભાની ચૂંટણી પછી ત્રીજીવાર વડાપ્રધાન બન્યા પછી મોદી પ્રથમવાર ગુજરાત આવી રહ્યાં હોવાથી તેમનું ભવ્ય સ્વાગત કરાશે. તેઓ ૧૫મીએ ચાર વાગ્યાની આસપાસ દિલ્હી થી અમદાવાદ એરપોર્ટ પર ઉતરશે અને ૧૭મીએ તેઓ એક કાર્યક્રમ માટે ભૂવનેશ્વર જશે.

ગુજરાતની મુલાકાત દરમ્યાન મોદી બે રાત્રી ગાંધીનગરના રાજભવનમાં રોકાશે, જ્યાં મુખ્યમંત્રી સહિત કેબિનેટના સભ્યો, સરકારના ઉચ્ચ અધિકારીઓ અને પ્રદેશના પ્રમુખ નેતાઓ સાથે મુલાકાત કરી વર્તમાન સ્થિતિની સમીક્ષા કરશે. મોદી એવા સમયે આવી રહ્યાં છે જ્યારે ગુજરાતના કેટલાક વિસ્તારો પૂર અને અતિવૃષ્ટિથી પ્રભાવિત થયેલા છે. આ અંગે પણ તેઓ સરકારને માર્ગદર્શન આપશે.

નરેન્દ્ર મોદી ૧૫મી સપ્ટેમ્બરે વડસર એરફોર્સ સ્ટેશનની મુલાકાત લેવાના છે અને ત્યારપછી રાજભવનમાં રાત્રી રોકાણ કરશે. બીજા દિવસે ૧૬મીએ સવારે તેઓ મહાત્મા મંદિરમાં યોજાનારી ત્રિદિવસિય ૪થી ગ્લોબલ ગ્રીન એનર્જી સમિટનું ઉદ્ઘાટન કરશે. આ સમિટમાં દેશ-વિદેશમાંથી ૨૫૦૦૦ જેટલા ડેલિગેટ્સ આવનાર છે. આ કાર્યક્રમ પછી મેટ્રોરેલની સફર નિશ્ચિત કરવામાં આવી છે.

આ જ દિવસે બપોર પછી જીએમડીસીમાં યોજવામાં આવેલા ૯૦૦૦ કરોડના લોકાર્પણ-ભૂમિપૂજનના કાર્યક્રમોમાં હાજરી આપશે. આ કાર્યક્રમમાં એક લાખ કરતાં વધુ લોકો અને પાર્ટીના કાર્યકરો હાજર રહેશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાનનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. મોદીની આ ઈવેન્ટમાં ૧૨૦૦૦ કરતાં વધુ પોલીસ જવાનોનો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. ૧૭મી સપ્ટેમ્બરે મોદીનો જન્મદિવસ છે. આ દિવસે સવારે તેઓ અમદાવાદ થી ભૂવનેશ્વર જવા રવાના થશે.

### વડાપ્રધાન મોદીના કાર્યક્રમો

**૧૫મી સપ્ટેમ્બર :**

સાંજે ૩.૪૫: અમદાવાદમાં આગમન

સાંજે ૪.૩૦ : વડસર એરફોર્સ સ્ટેશનની મુલાકાતે

સાંજે ૬.૦૦: રાજભવનમાં મંત્રણા-સમીક્ષા

**૧૬મી સપ્ટેમ્બર**

સવારે ૧૦.૦૦: મહાત્મા મંદિરની ઈવેન્ટમાં હાજરી

૧૦.૧૫: ગ્લોબલ રિ-ઈન્વેસ્ટ રિન્યૂએબલ એનર્જી સમિટમાં પ્રવચન

બપોરે ૧૨.૦૦: રાજભવનમાં રોકાણ

બપોરે ૧.૩૦: મેટ્રોરેલનું લોકાર્પણ અને સફર

બપોરે ૩.૩૦: જીએમડીસીના કાર્યક્રમમાં હાજરી

સાંજે ૬.૦૦: રાજભવન પરત અને રાત્રી રોકાણ

**૧૭મી સપ્ટેમ્બર**

સવારે ૯.૦૦: ઓડિસાના ભૂવનેશ્વર જવા રવાના